# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૮ તા.૧૮-૦૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- રાજયના સગીર વયના બાળકો પર બળાત્કારના કેસમાં પંચ તરીકે રાજયના સરકારી કર્મચારીઓની મદદ લેવા બાબત.

સંદર્ભઃ- ગુજરાત સરકાર ગૃહવિભાગ ઠરાવ ક્રમાંક : વસફ / ૧૦૨૦૨૦/૨૭૩૦/ઝ/ સચિવાલય, ગાંધીનગર તા. ૧૦-૧૨-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયમાં સગીર વયના બાળકો ઉપર બનતા બળાત્કારના કેસોમાં પકડાયેલા આરોપીઓ વિરૂદ્ધ ઘનિષ્ઠ અને ઉંડાણપૂર્વક તપાસ થાય તેમજ કોર્ટની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન આરોપીઓ કાયદાની છટકબારીઓનો ગેરલાભ ઉઠાવી છટકી ન જાય તે માટે સરકારી કર્મચારીઓની મદદ લેવા આ સાથેના સંદર્ભિત પત્ર મુજબ જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અગત્યની નોંધ :

પરિપત્ર નં.૧૦૫ તા.૧૩-૦૧-૨૦૨૧ અનુસાર આંતરીક બદલીઓ કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમથી કરવા અંગે જાણ કરેલ હતી. આ સાથે સામેલ સૂચનાઓને ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં લેવાની રહેશે.

બિડાણ :- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી તરફથી આવેલ સૂચનાઓ

તા.૧૮-૦૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:પરચ-૧૩૨૦૨૦/ ૬૦૫ /વ.૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૯ /૧૨/૨૦૨૦

૩૩૩૯૯

નકલ જાણ અને નિયમાનુંસારની કાર્યવાહી સારૂ રવાના

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી.,બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં ૨, કર્મયોગ ભવન, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર.

(૫) સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ સેકટર નં ૧૭, ગાંધીનગર

(૬) કમિશ્નરશ્રી, મધ્યાહ્ન યોજના,બ્લોક નં-૧૪, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય,ગાંધીનગર

(૭) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭ ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, એન.સી.સી હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ.

(૯) નિયમકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેકટર નં ૧૨ ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, સેકટર-૧૦ ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,બ્લોક નં-૧૨/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,સચિવાલય ગાંધીનગર

(૧૨) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન,નવરંગપુરા,અમદાવાદ

(૧૩) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧ ગાંધીનગર

આપનો વિશ્વાસુ

(મનોજ મહેતા)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૨૧/૨૩૨-૩૨૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૦૬/૦૧/૨૦૨૧ (૨૨)

ગુજરાત સરકાર ગૃહ વિભાગના ઉક્ત તા.૧૦/૧૨/૨૦૨૦ ના ઠરાવ અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયામાનુસારની કાર્યવાહી કરાવવા સારૂ . . .

સંયુકત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના:-**
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**નકલ સવિનય રવાના જાણ સારૂ . . .**
- શ્રી મનોજ મહેતા, સેકશન અધિકારીશ્રી, વ.૨-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

રાજ્યમાં સગીર વયના બાળકો પર બળાત્કારના કેસમાં પંચ તરીકે રાજ્યના સરકારી કર્મચારીઓની મદદ લેવા બાબત.

ગુજરાત સરકાર.
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:-વસક/૧૦૨૦૨૦/૨૭૩૦/ઝ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૦/૧૨/૨૦૨૦

**વંચાણે લીધા:-**

- અધિક પોલીસ મહાનિદેશકશ્રીની કચેરી, સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૧૦/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક:- સી.આઇ.ડી./મહિલા મોનીટરીંગ સેલ/૧૧૦/૨૦૨૦

**આમુખ:-**

રાજ્યમાં સગીર વયના બાળકો ઉપર બનતા બળાત્કારના કેસોમાં પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ ઘનિષ્ઠ અને ઊંડાણપૂર્વક તપાસ થાય તેમજ કોર્ટની ન્યાયિક કાર્યવાહી દરમિયાન આવા આરોપીઓ કાયદાની છટકબારીનો ગેરલાભ ના મેળવી જાય તે ખૂબ જ જરૂરી છે. આવા ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ સામેની ન્યાયિક કાર્યવાહી સમય મર્યાદામાં (૬ માસ) પૂર્ણ થાય અને દોષિતોને સજા થાય તે માટે આવા કેસોમાં પંચ સાહેદ તરીકે સરકારી સાહેદને રાખવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, રાજ્ય પોલીસ દ્વારા આવા ગુના નોંધવા અંતર્ગત પંચનામાની કાર્યવાહી દરમ્યાન નીચે જણાવેલ શરતોને આધીન પંચ તરીકે સરકારી કર્મચારીની મદદ લેવા/ કામગીરી કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

**શરતો અને કાર્યરીતિ:-**

૧. સગીર વયના બાળકો પર બળાત્કારના કેસો માટે ગુજરાતના તમામ શહેર/ જિલ્લાઓની સરકારી કચેરીઓમાંથી તમામ કર્મચારીઓને પંચ તરીકે લઈ શકાશે.

૨. આવા કેસોમાં કર્મચારી જ્યારે સરકારી પંચ તરીકે કામગીરી કરે ત્યારે તે સમય પૂરતી તેની કામગીરીને ફરજ તરીકે ગણવાની રહેશે અને રજાનો અહેવાલ મૂકવા ફરજ પાડી શકાશે નહિ.

3. પોલીસ ખાતા દ્વારા સગીર વયના બાળકો પર બળાત્કારના કેસો માટે જ્યારે પંચની મદદ માંગવામાં આવે ત્યારે સર્વે ખાતાના/કચેરીના વડાઓએ તેમના તાબા હેઠળના



Scanned by CamScanner

કર્મચારીને પંચ તરીકે કામગીરી માટે અચૂક ફાળવી આપવાના રહેશે. આ બાબતમાં કોઇ ચૂક થશે તો તેને ગંભીર ગણીને કાર્યવાહી કરવામાં આવશે.

૪. સગીર વયના બાળકો પર બળાત્કારના કેસમાં પોલીસ ખાતાની કચેરીઓના કોઈ કર્મચારી/અધિકારીની પંચ તરીકે પસંદગી કરવાની રહેશે નહિ.

૫. પંચ તરીકે જે સરકારી કર્મચારીની પસંદગી કરવામાં આવે તેઓ તમામ સંજોગોમાં તટસ્થ હોવા જોઈશે. તેઓ કોઈની અસર હેઠળ અથવા પોલીસના દાબ હેઠળ ન આવે તે માટેની તકેદારી રાખવાની રહેશે.

૬. આવા કેસમાં પંચ તરીકે વર્ગ–૩ના સરકારી કર્મચારીઓની પસંદગી કરવાની રહેશે. વર્ગ–૩ના કર્મચારીઓ પૈકી ફિક્સ પગારથી કરાર આધારિત કાર્યરત રહેલા કર્મચારીઓને પંચ તરીકે રાખી શકાશે નહિ.

૭. પંચોની પસંદગી સમયે સરકારી કર્મચારી ખાસ કરીને સિનિયર કલાર્ક કે તેનાથી ઉપલા દરજ્જા ના કર્મચારી/અધિકારી હોય તેઓને જ પંચોમાં લેવા જોઈશે કે જેથી આવા મહત્વના કેસોમાં ન્યાયિક કાર્યવાહીમાં તેમના રૂબરૂ નિવેદનનું યોગ્ય અને સચોટ પરિણામ મળી શકે.

૮. તટસ્થ પંચો મળી રહે તે માટે ફક્ત જિલ્લાના મુખ્યમથકમાંથી જ પસંદગી નહિ કરતા તાલુકાનું વડુ મથક હોય અને/અથવા ૧૫ હજારથી વધુ વસતીવાળો ગ્રામ્ય/શહેરી વિસ્તાર હોય તેવા સ્થળેથી પંચના સાક્ષીઓ લેવા પણ તજવીજ કરવાની રહેશે.

ઉપર્યુક્ત કાર્યરીતિ અને સૂચનાઓનો સુચારૂ અમલ થાય તે માટે સર્વે વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાને જરૂરી સૂચના આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા સચિવાલયના તમામ વિભાગોને આથી, જણાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૨/૧૧/૨૦૨૦ અને સરકારશ્રીની તા.૧૯/૧૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સમીર જોષી)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- આદરણીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય કેબિનેટ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી – સર્વેના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

Scanned by CamScanner

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર-૧૦બી, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)
- તમામ ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ,
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રીઓ.
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ.
- શાખા સિલેકટ ફાઇલ / ના.સે.અ. સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner

## હોમ પેજ સૂચના

- ✓ તા.31/01/2021 બપોરે 12.00 કલાકથી તા.02/02/2021 23.59 કલાક સુધી ઓનલાઇન બદલી માટે અરજી ફોર્મ ભરી શકાશે.
- ✓ તા.14/02/2021 ના રોજ ઓનલાઇન બદલી આદેશ મેળવી લેવાના રહેશે.

## શિક્ષક/વિદ્યાસહાયકે અરજી ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં રાખવાની સૂચના

- ✓ શિક્ષકે સૌ પ્રથમ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- ✓ શિક્ષક/વિદ્યાસહાયક જે જિલ્લામાં નોકરી કરતાં હોય તે જ જિલ્લો પસંદ કરવો.
- ✓ અરજી ફોર્મ ખુલતાં તેમાં જરૂરી માહિતી ભરી અરજી ફોર્મ સેવ કરવું.
- ✓ ત્યાર બાદ ફોટો (50Kb સુધી) અને સહી (20Kb સુધી) અપલોડ કરવાના રહેશે.
- ✓ E-mail ID અને Password થી Login થવાનુ રહેશે.
- ✓ ત્યાર બાદ શાળાની પસંદગી કરવાની રહેશે.
- ✓ શાળાઓની પસંદગી કરવા રજીસ્ટ્રેશન નંબર અને જન્મ તારીખ ટાઇપ કરી શાળાઓની પસંદગી યોગ્ય રીતે કરવી.
- ✓ અરજી ફોર્મ કન્ફર્મ કરવું.
- ✓ અરજી ફોર્મ કન્ફર્મ થયા બાદ અરજી ફોર્મની પ્રિન્ટ બે કોપીમાં મેળવી લેવી.
- ✓ અરજી ફોર્મ કન્ફર્મ થયા બાદ અરજીમાં કોઇ સુધારા કરી શકાશે નહી.
- ✓ અરજી ફોર્મ કન્ફર્મ થયા બાદ સુધારો ઇચ્છતાં ઉમેદવારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફત નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને સમયમર્યાદામાં જાણ કરવાની રહેશે.
- ✓ કન્ફર્મ થયેલ અરજી ફોર્મ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં તા.05/02/2021 ના 17.00 કલાક સુધીમાં જરૂરી આધાર-પુરાવા સાથે જમા કરાવી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પાસેથી પહોંચ મેળવી લેવાની રહેશે.

## શિક્ષક/વિદ્યાસહાયકે અરજી ફોર્મ ભરતી વખતે સાથે રાખવાની વિગત

- ✓ હાલ જે શાળામાં નોકરી કરતાં હોય તે શાળાનો ડાયસ કોડ તથા પગાર કેન્દ્ર શાળાનો ડાયસ કોડ
- ✓ હાલની શાળાની દાખલ તારીખ
- ✓ ખાતામાં દાખલ તારીખ
- ✓ જન્મ તારીખ
- ✓ સ્કેન કરેલો ફોટો (50Kb સુધી) અને સહી (20Kb સુધી) સોફ્ટ કોપીમાં
- ✓ વધની બદલીની સિનિયોરીટી માટેના આધાર-પુરાવા (શાળાના ડાયસ કોડ સાથે)
- ✓ મુળ શાળા પરત અંગેના આધાર-પુરાવા (શાળાના ડાયસ કોડ સાથે)
- ✓ માંગણીની બદલીમાં વિધવા, અપંગ, દંપતિ અને વાલ્મિકી અંગેના આધાર-પુરાવાઓ.
- ✓ હાલની શાળાની નોકરી અંગે મુખ્ય શિક્ષકનો દાખલો.

# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

## ઓન-લાઇન પધ્ધતિ દ્વારા જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની જિલ્લા આંતરિક બદલી અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૧

જિલ્લા/મહાનગર/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક (ધો.૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધો.૬ થી ૮ વિષયવાર) તમામ માધ્યમના શિક્ષક/વિદ્યાસહાયકોની જિલ્લા/મહાનગર/નગર શિક્ષણ સમિતિમાં આંતરિક બદલીઓ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧/૨૦૧૪/૩૫૭૨૨૭/ક, તા.૧૭/૦૩/૨૦૧૫ મુજબ ઓન-લાઇન પધ્ધતિથી કરવાની થાય છે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૬-ક, તા.૨૩/૦૫/૨૦૧૨ તથા સરકારશ્રી દ્વારા વખતો વખતના ઠરાવથી સુધારવામાં આવેલ બદલી અંગેના નિયમોને ધ્યાને લઇને જિલ્લામાં આંતરિક બદલી કરાવવા ઇચ્છતા શિક્ષક/વિદ્યાસહાયક પાસેથી નિયત નમુનામાં ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ અને મહાનગરપાલિકા/નગરપાલિકાની શિક્ષણ સમિતિ હસ્તકના શિક્ષક/વિદ્યાસહાયક બદલી અંગેની ઓન-લાઇન અરજી તા.૩૧/૦૧/૨૦૨૧ ના ૧૨.૦૦ કલાક થી તા.૦૨/૦૨/૨૦૨૧ ના ૨૩.૫૯ કલાક દરમ્યાન આ કચેરીની વેબસાઇટ www.dpegujarat.in ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ કરવાની રહેશે.

૧. જિલ્લા/મહાનગર/નગર શિક્ષણ સમિતિમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક (વિષયવાર) શાળાની ખાલી જગ્યાઓની વિગતવાર માહિતી, આંતરિક બદલી અંગેની અરજી ઓનલાઇન ભરવા માટેની સૂચનાઓ તથા બદલી અંગેના પ્રવર્તમાન નિયમોની માહિતી www.dpegujarat.in વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

૨. પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ ઉપલબ્ધ ખાલી જગાઓ માટે બીજા રાઉન્ડની તારીખો વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. એ મુજબ અરજી કરવાની રહેશે. તે અંગે અલગથી જાહેરાત કરવામાં આવશે નહી.

૩. વેબસાઈટ ઉપર આપેલી સુચનાઓ અનુસરીને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી આ વેબસાઈટ જોવાની રહેશે.

તા. ૧૩/૦૧/૨૦૨૧
સ્થળ:-ગાંધીનગર
ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૨૧/ક/

**એમ.આઇ.જોષી**
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.